# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-05-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે- સરકાર નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં શાંતિ સ્થાપિત કરવા અને નક્સલવાદીઓને મુખ્ય પ્રવાહમાં જોડવા માટે પ્રતિબદ્ધ.

2) સૈન્યના શૌર્યને બિરદાવવા દેશના વિવિધ ભાગોમાં 'તિરંગા યાત્રા'નું આયોજન.

3) ઇઝરાયલના હવાઈ હુમલામાં ગઈકાલે ઉત્તર અને દક્ષિણ ગાઝામાં 70 લોકો માર્યા ગયા.

4) બિહારમાં ચાલી રહેલ ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સનું આજે સમાપન.

5) બેંગકોકમાં રમાઈ રહેલી થાઈલેન્ડ બેડમિન્ટન ઓપનના પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં આજે ભારતીય ખેલાડીઓ પોતાના મુકાબલા રમશે.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-NAXALISM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સરકાર નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં શાંતિ સ્થાપિત કરવા અને નક્સલવાદીઓને મુખ્ય પ્રવાહમાં જોડવા માટે પ્રતિબદ્ધ છે. છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર સફળ નક્સલ વિરોધી કાર્યવાહી બાદ ગૃહમંત્રી અમિત શાહની સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે સુરક્ષા દળોની સફળતા દર્શાવે છે કે નક્સલવાદ સામેનું અભિયાન યોગ્ય દિશામાં આગળ વધી રહ્યું છે.

ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે કહ્યું હતું કે સુરક્ષા દળોએ છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર કુરેગુટ્ટા પહાડી વિસ્તારમાં એક વિશાળ કાર્યવાહીમાં 31 નક્સલીઓને ઠાર કર્યા છે. તેમણે આ સૌથી મોટા ઓપરેશનને આગામી વર્ષે 31 માર્ચ સુધીમાં નક્સલ મુક્ત ભારતના સંકલ્પ તરફની ઐતિહાસિક સફળતા ગણાવી હતી. શ્રી શાહે કહ્યું કે પ્રતિકૂળ હવામાન અને પર્વતીય ભૂપ્રદેશના મુશ્કેલ પડકારો છતાં, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ, સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડના જવાનોએ અદમ્ય હિંમત અને બહાદુરી દર્શાવી. તેમણે કહ્યું કે સરકાર નક્સલવાદને જડમૂળથી ઉખેડી નાખવા માટે પ્રતિબદ્ધ છે.

અગાઉ, ગઈકાલે બીજાપુરમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ-CRPF ના મહાનિર્દેશક જ્ઞાનેન્દ્ર પ્રતાપ સિંહે માહિતી આપી હતી.

(BYTE: જ્ઞાનેન્દ્ર પ્રતાપ સિંહ)

# TIRANGA YATRA

ભારતીય સેનાના સન્માનમાં દેશ સહિત રાજ્યભરમા તિરંગા યાત્રા યોજાઈ રહી છે. જે અંતર્ગત ગુજરાતના વિવિધ વિસ્તારોમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પાટનગર ગાંધીનગરમાં યોજાયેલ તિરંગા યાત્રામાંગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. સેકટર 21 થી પંચદેવ મહાદેવ મંદિર સુધી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જામનગરમાં પણ લાખોટા તળાવ ખાતેથી તિરંગા યાત્રાને પ્રસ્થાન કરવામાં આવ્યું હતું અને શહેરના મુખ્ય માર્ગો પર આ તિરંગા યાત્રા દેશભક્તિના ગીતો અને રાષ્ટ્રધ્વજ સાથે નીકળી હતી. જેમાં સાંસદ પુનમબેન માડમ સહિત ધારાસભ્યો હાજર રહ્યા હતા..

ભાવનગરમાં કેન્દ્રિય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયાની ઉપસ્થિતીમાં મોતીબાગ ટાઉન હોલથી શહીદ સ્મારક સુધી ભવ્ય તિરંગાયાત્રા યોજાઈ હતી. ભાવસિંહજીની પ્રતિમાને ફૂલહાર કરીને તિરંગા યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

# J&K- TIRANGA YATRA

દરમ્યાન અમારા જમ્મુ સંવાદદાતાએ માહિતી આપી હતી કે ઓપરેશન સિંદુરની સફળતાના સન્માનમાં આજે સાંજે જમ્મુમાં તિરંગા યાત્રા કાઢવામાં આવશે. સંરક્ષણ દળોને સમર્થન અને પ્રશંસા વ્યક્ત કરવા માટે જમ્મુ અને કાશ્મીર ભાજપના મહાસચિવ અશોક કૌલે નાગરિકોને મોટી સંખ્યામાં તિરંગા રેલીમાં જોડાવા અપીલ કરી છે.

સશસ્ત્ર દળો પ્રત્યે આદર વ્યક્ત કરવા માટે, 25 મે સુધી જમ્મુ અને કાશ્મીરમાં જિલ્લા, વિભાગ, વોર્ડ સ્તરે 'તિરંગા યાત્રાઓ'નું પણ આયોજન કરવામાં આવશે.

# INDIA UN TERROR

ભારતની એક ટેકનિકલ ટીમ ન્યૂયોર્કમાં છે અને આજે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની 1267 પ્રતિબંધ સમિતિની દેખરેખ ટીમ અને અન્ય ભાગીદાર દેશો સાથે વાતચીત કરી રહી છે. ભારત 1267 પ્રતિબંધ સમિતિ સમક્ષ પોતાનો કેસ રજૂ કરવાની તૈયારી કરી રહ્યું છે, જેનો ઉદ્દેશ્ય ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટને સત્તાવાર રીતે આતંકવાદી સંગઠન તરીકે સૂચિબદ્ધ કરવાનો અને પાકિસ્તાન દ્વારા આ જૂથને આપવામાં આવતા સમર્થનને ઉજાગર કરવાનો છે. 22 એપ્રિલના રોજ પહેલગામ આતંકવાદી હુમલાને પગલે આએ કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં 26 ભારતીય નાગરિકો માર્યા ગયા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતીય ટીમ સંયુક્ત રાષ્ટ્ર આતંકવાદ વિરોધ કાર્યાલય અને આતંકવાદ વિરોધ સમિતિ કાર્યકારી નિદેશાલયના અધિકારીઓને પણ મળશે.

# VP JAIPUR VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે રાજસ્થાનના જયપુરની એક દિવસની મુલાકાતે જશે. ઉપરાષ્ટ્રપતિ ધનખડ ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ ભૈરવ સિંહ શેખાવતની પુણ્યતિથિ નિમિત્તે જયપુરમાં સ્મારક પુસ્તકાલયનું ઉદ્ઘાટન કરશે.

ભૈરવ સિંહ શેખાવતે ઓગસ્ટ 2002થી જુલાઇ 2007 દરમિયાન ભારતના 11મા ઉપરાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી. તેમણે ત્રણ કાર્યકાળ માટે રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી. આ પ્રસંગે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, કેન્દ્રીય પ્રવાસન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા ઉપસ્થિત રહેશે.

# ISRAEL-GAZA

ઇઝરાયલના હવાઈ હુમલામાં ગઈકાલે ઉત્તર અને દક્ષિણ ગાઝામાં 70 લોકો માર્યા ગયા હતા. જેના એક દિવસ પહેલા ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું હતું કે જ્યાં સુધી આતંકવાદી જૂથ હમાસનો નાશ ન થાય ત્યાં સુધી ઇઝરાયલ પેલેસ્ટાઇન પર હુમલો કરવાનું બંધ કરશે નહીં.

ગાઝાના આરોગ્ય મંત્રાલય અને હોસ્પિટલો અનુસાર, ફક્ત ઉત્તરી ગાઝાના જબાલિયામાં પચાસ લોકો મૃત્યુ પામ્યા છે. મંગળવારે ઇઝરાયલી સેનાએ જબાલિયાના નાગરિકોને સલામત સ્થળોએ જવા કહ્યું હતું.

7 ઓક્ટોબર 2023 ના રોજ દક્ષિણ ઇઝરાયલમાં આયોજિત એક સમારોહમાં હમાસ આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં બારસો લોકો માર્યા ગયા બાદ બંને પક્ષો વચ્ચે યુદ્ધ શરૂ થયું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . .

## TRUMP-QATAR

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગઇકાલે સાંજે કતારની રાજધાની દોહામાં કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાની સાથે વાતચીત કરી હતી. પશ્ચિમ એશિયાની ત્રણ દેશોની મુલાકાતના બીજા તબક્કામાં સાઉદી અરેબિયાની મુલાકાત પૂર્ણ કર્યા બાદ રાષ્ટ્રપતિ ટ્રમ્પ ગઇકાલે દોહા પહોંચ્યા હતા. 20 વર્ષથી વધુ સમયમાં કોઈ અમેરિકન રાષ્ટ્રપતિની કતારની આ પહેલી મુલાકાત છે.

અગાઉ રાષ્ટ્રપતિ ટ્રમ્પે સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં અમેરિકા અને અખાતી સહકાર પરિષદના સભ્યોના સંમેલનમાં હાજરી આપી હતી. સંમેલનમાં, શ્રી ટ્રમ્પે આ ક્ષેત્રમાં અમેરિકાની વ્યૂહાત્મક પ્રતિબદ્ધતા અને ભાગીદારીને ફરીથી સમર્થન આપ્યું હતું. આ ઉપરાંત શ્રી ટ્રમ્પે સીરિયાના વચગાળાના રાષ્ટ્રપતિ અને ભૂતપૂર્વ ઇસ્લામિક બળવાખોર નેતા અહેમદ અલ-શારાને પણ મળ્યા હતા. આ

બેઠક અમેરિકી રાષ્ટ્રપતિ દ્વારા સીરિયા પર પ્રતિબંધો હટાવવાની જાહેરાત કર્યાના એક દિવસ બાદ થઈ હતી. શ્રી ટ્રમ્પે સીરિયન નેતાને ઇઝરાયલ સાથે પશ્ચિમ એશિયાઈ દેશોના સંબંધોને સામાન્ય બનાવવા માટે અમેરિકાની આગેવાની હેઠળની પહેલ - અબ્રાહમ કરારમાં જોડાવા વિનંતી કરી. તેમણે કહ્યું કે અમેરિકા ભવિષ્યમાં આ કરારમાં અન્ય દેશોને પણ ઉમેરશે. સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન બેઠકમાં હાજર હતા. તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન વર્ચ્યુઅલી તેમાં જોડાયા હતા. રાષ્ટ્રપતિ ટ્રમ્પની મુલાકાત દરમ્યાન સાઉદી અરેબિયાની અમેરિકામાં 600 અબજ ડોલરનું રોકાણ કરવાની પ્રતિબદ્ધતાના ભાગ રૂપે બંને દેશોએ 142 અબજ ડોલરના સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા.

# BIHAR KHELO INDIA

બિહારમાં ચાલી રહેલ ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સણું આજે સમાપન થશે. સમાપન સમારોહ પટનાના કાંકરબાગ સ્થિત પાટલીપુત્ર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે સાંજે સાડા છ વાગ્યે યોજાશે. યુથ ગેમ્સ આ મહિનાની 4 તારીખે શરૂ થઈ હતી.

મહારાષ્ટ્ર 56 સુવર્ણ અને 45 રજત સહિત 149 ચંદ્રકો પ્રથમ સ્થાને છે. હરિયાણા 35 સુવર્ણ અને 26 રજત એમ કુલ 107 ચંદ્રકો સાથે બીજું સ્થાન જ્યારે રાજસ્થાન 22 સુવર્ણ સહિત 55 મેડલ સાથે ત્રીજા સ્થાને છે.

અમારા સંવાદદાતાનો અહેવાલ.....

**(બાઇટ – ધર્મેન્દ્ર કુમાર રાય)**

# BADMINTON - THAILAND OPEN

બેંગકોકમાં રમાઈ રહેલી થાઈલેન્ડ બેડમિન્ટન ઓપનના પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં આજે ભારતીય ખેલાડીઓ પોતાના મુકાબલા રમશે.

પુરુષોના સિંગલ્સમાં થરૂન માનેપલ્લી ડેનમાર્કના એન્ડર્સ એન્ટોનસેન સામે ટકરાશે. મહિલા સિંગલ્સમાં ભારતની ટોચની ખેલાડી માલવિકા બંસોડનો મુકાબલો થાઈલેન્ડની રત્ચાનોક ઇન્ટાનોન સામે થશે. ભારતની ઉન્નતી હુડાનો મુકાબલો થાઈલેન્ડની પોર્નપાવી ચોચુવોંગ સામે થશે અને આકર્ષી કશ્યપનો મુકાબલો થાઈલેન્ડની સુપાનિદા કાટેથોંગ સામે થશે.

મહિલા ડબલ્સમાં ભારતની ત્રિસા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડી જાપાનની સયાકા હોબારા અને રુઈ હિરોકામીની જોડી સામે રમશે. ભારતીય જોડીએ મલેશિયાની ઓંગ શિન યી અને કાર્મેન ટિંગ સામે 21-15, 21-13થી વિજય મેળવી પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો.

**અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા**

હવે જોઇએ આજના અખબારોમાં પ્રસિધ્ધ થયેલા મુખ્ય સમાચાર

1) આજના મોટાભાગના અખબારોએ પાકિસ્તાનના મદદગાર તૂર્કિયે અને અજબરૈજાન સામે ભારતે કરેલી ઇકોનોમિકલ સ્ટ્રાઇક અને બૂલચિસ્તાનની આઝાદી માટેની તમામ દેશોને અપીલના સમાચાર મુખ્ય છે..
2) બલુચિસ્તાન હવે પાકિસ્તાનનો હિસ્સો નથી બલોચ નેતાઓનું એલાન આ હેડલાઇન ગુજરાત સમાચારે બનાવી છે .
3) સંદેશે હેડલાઇનમાં લખ્યુ છે કે બલૂચિસ્તાન એ પાકિસ્તાનનો હિસ્સો નથીઃ આઝાદીની જાહેરાત
4) નવગુજરાત સમયે બલૂચિસ્તાને પાકિસ્તાનના દમનમાંથી સ્વતંત્રતા જાહેર કરીના મથાળા સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે
5) દિવ્ય ભાસ્કર અને ફૂલછાબ દૈનિકે બાયકોટ તૂર્કિયેના હેડિંગ સાથે સમાચાર બનાવ્યાં છે.
6) આ ઉપરાંત ચીનની અવળચંડાઇ અરૂણાચલના કેટલાંક સ્થળોના નામ બદલ્યા , 20 દિવસે પાકિસ્તાને છોડ્યા બીએસએફના જવાન જેવા સમાચાર પણ પહેલા પેજ ઉપર વાંચવા મળી રહ્યાં છે.
7) અમદાવાદમાં આવકવેરાના સાગમટે દરોડા, હવેથી સરકારી કર્મીઓ-અધિકારીઓ , પેન્શનરોને 10 લાખ સુધીની કેશલેશ સારવાનરનો લાભ મળશે જેવા સમાચાર રાજ્ય અને સ્થાનિક પેજ ઉપર છપાયાં છે.